પથિકાશ્રમ ડેપો પાસે નજીવી બાબતે બાઈકચાલકે બસ ચાલકને ઢોર માર માર્યો

પોલીસે બાઈકચાલક વિરૂદ્ધ ગુનો નોંધી તેની અટકાયત કરી

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર પથિકાશ્રમ ડેપોના ગેટ આગળ બાઈક વચ્ચોવચ ઉભુ રાખવાની બાબતે બાઈકચાલક અને બસચાલક બાખડી પડ્યા હતા અને બાઈકચાલકે બસ ચાલકને ગાળો ભાંડી ઢોર માર મારતા તે ગંભીર રીતે ઘવાયો હતો. આથી બસ ચાલકે સેક્ટર-૭ પોલીસમથકમાં ફરિયાદ આપતા પોલીસે બાઈક ચાલકની અટકાયત કરી તેના વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસસૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ભાવનગરના તળાજાની ન્યુ જ્ઞાનદિપ સ્કૂલ સામે મકાન નં. ૪૯૦૨ ખાતે રહેતા હસમુખભાઈ શાંતિલાલ બારડ એસ.ટી.માં ડ્રાઈવર તરીકે ફરજ બજાવે છે. દરમિયાન દરરોજ તેઓ બસ લઈ ગાંધીનગર બસ ડેપોમાં બસ લઈ આવ્યા હતા અને સવારે ડેપોના ગેટ પરથી બસ નં. જીજે-૧૮-વાય-૬૧૮૦ લઈ પસાર થઈ રહ્યા હતા ત્યારે ગાંધીનગરના સેક્ટર-૫ પ્લોટ નં. ૧૪૬૫/૨ ખાતે રહેતા ઈરફાન ઉસ્માનભાઈ મનસુરી ગેટ આગળ પોતાનું બાઈક જીજે-૧૮-એન-૨૮૦૨ લઈ ઉભો હતો.

આથી બસ ચાલકે માર્ગમાં ઉભેલ બાઈક ચાલકને બાઈક હટાવવાનું કહેતા બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી અને બાદમાં બોલાચાલી ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા બન્ને વ્યક્તિઓ માર્ગમાં જ બાખડી પડ્યા હતા અને બાઈકચાલકે બસ ચાલકને ગમે તેમ ગાળો બોલી ગડદાપાટુનો ઢોર માર માર્યો હતો અને બસચાલકને ગંભીર રીતે ઈજાઓ પહોંચાડી હતી. આથી બસ ચાલકે સેક્ટર-૭ પોલીસમથક ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી કલાકોમાં જ સરકારી કર્મચારીને ફરજ દરમિયાન માર માર્યો હોવાના આરોપસર ધરપકડ કરી હતી જે મામલે વધુ તપાસ પી.એસ.આઈ. જી.કે. પરમાર ચલાવી રહ્યા છે.

ગાંધીનગર એલ.સી.બી.એ ૩૬ લાખનો વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડ્યો

કુલ રૂ. ૪૮,૫૭,૬૫૦ના મુદ્દામાલ સાથે બે ની અટકાયત

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર જિલ્લા એલ.સી.બી. પોલીસે બાતમીના આધારે આજે મહેસાણા-અમદાવાદ માર્ગ પર વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલી એક ટ્રક ઝડપી હતી જેમાંથી પોલીસે કુલ ૪૮ લાખ રૂપિયાથી વધુનો મુદ્દામાલ કબજે લઈ બે ઈસમોની અટકાયત કરી હતી અને કોર્ટમાં તેમના રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી હતી.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર ગાંધીનગર જિલ્લા એલ.સી.બી. પોલીસને આજે ખાનગી રાહે બાતમી મળી હતી કે રાજસ્થાનથી મહેસાણા થઈ અણદાવાદ તરફ જતી એક ટ્રક નં. આર.જે. ૧૯-રજી-૧૬૨૯માં ગેરકાયદેસર વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ભરેલો છે તે હકીકતના આધારે એલ.સી.બી.પોલીસની ટીમે મહેસાણા-અમદાવાદ હાઈવે પર આવેલ સોરસરાબા હોટલ આગળ વોંચ ગોઠવી હતી. દરમિયાન બાતમી વાળી ટ્રક આવતા પોલીસે તેને અટકાવી હતી અને ટ્રકની તપાસ કરતા તેમાંથી ૧૦૦૪ પેટી વિદેશી દારૂ અને બિયરના ટીન મળી કુલ ૩૦,૫૫૯ બોટલ કિં.રૂ. ૩૬,૩૪૬,૧૦૦નો દારૂનો જથ્થો તથા અંગ જડતીમાં ૧૬૫૫૦ રોકડા, બે મોબાઈલ અને રૂ. ૧૨ લાખની કિંમતની ટ્રક વિગેરે મળી કુલ રૂ. ૪૮,૫૭,૬૫૦ ના મુદ્દામાલ કબજે કર્યો હતો અને ટ્રકચાલક જેઠારામ કિરારામ ચૌધરી અને પુરારામ પોકડરામ ચૌધરી બન્ને રહે. શીતક તા. બૈયતુ બાડમેર રાજસ્થાન વાળાને ઝડપી પાડ્યા હતા અને બાદમાં આ દારૂ અંગે કલોલ પોલીસમથકે ગુનો નોંધી બન્ને કોર્ટમાં રજુ કરી તેમના રીમાન્ડ મેળવવા તજવીજ હાથ ધરી છે.

(તસવીર : નિખિલ જી. શાસ્ત્રી)

દહેગામ એસ.ટી. ડેપોમાં પીવાના પાણીનું કુલર શોભાના ગાંઠીયા સમાન

દહેગામ શહેરના એસ.ટી. ડેપોમાં મુસાફરો અને એસ.ટી. ડેપોના કર્મચારીઓ માટે સરકાર દ્વારા ઠંડા પાણી માટે થોડાક સમય પહેલાં એક નવું કુલર મુકવામાં આવેલ છે. આ કુલરના પાણીની લાઈનમાંથી ઠંડુ પાણી તો ઠીક ગરમ પાણી પણ નહિ આવતા મુસાફરો નિરાશ થઈ પાછા ફરે છે. મુસાફરો ઠંડા પાણીની આશાએ ચકલી ચાલુ કરે છે. પરંતુ પાણી નહિ આવતા એસ.ટી. ડેપોમાં મુસાફરોએ ડેપો મેનેજર ઉપર આક્રોશ ઠાલવ્યો હતો. આવી અસહ્ય ગરમીમાં મુસાફરોને કુલરનું ઠંડુ પાણી ક્યારે પીવા મળશે તેવી મુસાફરો આશા રાખી રહ્યા છે. આવી આગ ઝરતી ગરમીમાં જો કુલરનો ઉપયોગ ન થાય તો ક્યારે ઠંડુ પાણી પીવા મળશે તેવી મુસાફરો આશા રાખી રહ્યા છે.

આજે વિશ્વ જૈવ વૈવિધ્ય દિવસ

ગાંધીનગર, તા. ૨૧

દર વર્ષે ૨૨મી મે 'આંતર રાષ્ટ્રિય જૈવ વૈવિધ્ય દિવસ' તરીકે ઉજવાય છે. આ વર્ષે દુનિયામાં પાણીના મહત્વને સમજતા આ ખાસ દિવસની ઉજવણી માટે .... એટલે કે 'જળ અને જૈવ વૈવિધ્ય' વિષય નક્કી કરવામાં આવ્યો છે.

પૃથ્વી પર વસતાં દરેક જીવ માટે જળથી જ જીવન છે. વિકસિત દેશો હોય કે, વિકાસશીલ દેશો બન્નેમાં પાણીની સમસ્યાએ આગવું સ્વરૂપ ધારણ કર્યું છે. દિન-પ્રતિદિન વધતી જતી પાણીની સમસ્યાને ધ્યાનમાં રાખી, પાણીનું મહત્વ સમજી તેનો યોગ્ય ઉપયોગ થવો અત્યંત આવશ્યક છે.

પાણીની જાળવણી એ રાજકીયક્ષેત્ર હોય કે વ્યવસાય ક્ષેત્ર દરેક ક્ષેત્રના વિકાસમાં ટોચનો મુદ્દો છે. વર્લ્ડ ઈકોનોમીક ફોરમ-૨૦૧૩ પોતાના ગ્લોબલ રીસ્ક રીપોર્ટમાં પાણી પૂરવઠાની સમસ્યાને બીજા ક્રમે મુકે છે કારણ કે કૃષિ ક્ષેત્ર હોય કે વ્યવસાય ક્ષેત્ર કે અન્ય કોઈ પણ ક્ષેત્ર હોય દરેકે દરેક ક્ષેત્રમાં જો પાણીનો યોગ્ય પુરવઠો ન મળી રહે તો એનો વિકાસ જોખમાય છે માટે, પાણીનો બગાડ અટકાવી અને તેનો સંગ્રહ વધારવો અતિ આવશ્યક છે.

પૃથ્વી પરના દરેક જીવ મનુષ્ય, પશુ, પક્ષી, દરિયાઈ જીવો, વૃક્ષો વગેરે વગેરે દરેક જીવનું જીવન જળ થકી જ શક્ય છે. પાણીનો ઘટતો જતો સ્રોત અને જીવોની વધતી જતી માંગ બંને વચ્ચે આજે અસમતુલા જોવા મળે છે. જેથી આવનારા દિવસોનો સામનો કરવો ઘણો અઘરો છે.

'દરેક આધુનિક માણસ માટે શહેરમાં રહેવું ત્યારે જ શક્ય છે, જો તેને પર્યાપ્ત માત્રામાં સ્વચ્છ અને તાજુ પાણી મળે' માનવ વિકાસના લક્ષ્યાંકો સિદ્ધ કરવા ગરીબી દૂર કરવા માટે જમીન પરના જળ સ્રોત જેવા કે, નદી, તલાવડી વગેરે અને જૈવ વૈવિધ્ય અત્યંત જરૂરી છે. આ સ્રોત દુનિયાના કરોડો લોકો માટે ખોરાકની જરૂરીયાત પુરી પાડે છે.

ચોખ્ખું પાણી ન મળે તો કમળો, કોલેરા, ઝાડા-ઉલ્ટી વગેરે રોગો ક્યારેક જીવલેણ પણ સાબિત થઈ શકે છે. આમ, પાણી મનુષ્યના સ્વાસ્થ્ય સાથે સાથે સમાજનું સ્વાસ્થ્ય, રાષ્ટ્રનું સ્વાસ્થ્ય એટલે કે, પ્રગતિ પણ પાણી ઉપર આધાર રાખે છે.

પૃથ્વીની સપાટીનો લગભગ ૭૧ ટકા વિસ્તાર પાણીથી છવાયેલો છે. સ્વભાવિક રીતે દરિયાઈ જીવોની વિવિધતા પણ મોટા પ્રમાણમાં હોય. અગાધ દરિયામાં કેટલું જૈવ વૈવિધ્ય છે તેનો અંદાજ કાઢવો તો મુશ્કેલ છે. છતાં પણ વર્ષોના સતત અભ્યાસ બાદ આજે આપણું વર્ગીકૃત કરી શકીએ તેવા ૨,૫૦,૦૦૦ જેટલાં જીવો દરિયામાં છે. એમાં સૂક્ષ્મ જીવોનો તો સમાવેશ પણ નથી થતો ઉપરાંત હજુ પણ ન ઓળખી શકાય તેવા લગભગ ૧૦ લાખ થી વધુ જૈવ વૈવિધ્ય હોવાનો અંદાજ છે.

દરિયાઈ જીવો વગર પૃથ્વી પરનું માનવજીવન શક્ય નથી વિશ્વની ૪૧ ટકા જેટલી પ્રોટિનની જરૂરિયાત દરિયાઈ માછલીથી પ્રાપ્ત થાય છે. ઉપરાંત દરિયાઈ જીવોનો ઉપયોગ દવાઓ, રાસાયણો, ખોરાક, સૌદર્ય પ્રસાદનો વગેરેમાં થાય છે.

દહેગામ ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દ્વારા ખેડૂત શિબિરનું આયોજન

દહેગામ, તા. ૨૧

દહેગામ તાલુકાના ખેડૂતોને સાચા અર્થમાં તેનો લાભ મળી રહે તે હેતુથી અને હાલમાં ચાલી રહેલ કૃષિ મહોત્સવ-૨૦૧૩ના ભાગરૂપે ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ દહેગામ દ્વારા કૃષિ શિબિરનું આયોજન તા. ૨૪-૫-૨૦૧૩ ને શુક્રવારના રોજ નિલકંઠ મહાદેવ ખાતે આયોજન રાખવામાં આવેલ છે. સમારંભના ઉદ્‌ઘાટક હરિનભાઈ પાઠક સંસદ સભ્ય અમદાવાદ પૂર્વ, સમારંભના પ્રમુખ રજનીકાંતભાઈ પટેલ રાજ્યકક્ષાના ગૃહમંત્રી, ગાંધીનગર, મુખ્ય મહેમાન કલ્યાણસિંહ ચૌહાણ પૂર્વ ધારાસભ્ય, દહેગામ, નૈલેષભાઈ શાહ, પ્રમુખ ગાંધીનગર જિલ્લા ભાજપ તથા અતિથિ વિશેષ તરીકે રમણજી ડી. ઠાકોર, વિનોદચંદ્ર એચ. પટેલ, ચંદ્રેશભાઈ પટેલ, રાજેન્દ્રકુમાર આર. શાહ, હરિભાઈ પટેલ, ભાવેશભાઈ એન. પટેલ, કે.કે. પટેલ, દશરથભાઈ સી. અમીન, ભાર્ગવભાઈ પટેલ, અંબાલાલ આર. પટેલ, તુષારભાઈ જાની, ઝુલબસિંહ પી. ઝાલા હાજરી આપશે.

આજે સધીમાતાએ 'મા-બાપને ભૂલશો નહી' - કાર્યક્રમ

ગાંધીનગર, તા. ૨૧

ખાખરવાળી સધીમાતાજીના મંદિર સેક્ટર-૨૫ કલ્પતરૂની પાછળ સમાજના બધા જ પાત્રોને વાચા આપતો કાર્યક્રમ મા-બાપને ભૂલશો નહીં. તા. ૨૨મે ના રાત્રે યોજાશે. જેના વક્તા ડો. વિક્રમ શીવશંકર જાની (રાંદેજા વાળા) છે. તો વેંએ ભાગ લેવા આમંત્રણ આપવામાં આવેલ છે.

ભાટ પાસે રિક્ષા-કાર વચ્ચે અકસ્માત થતા પાંચ વ્યક્તિઓ ઈજાગ્રસ્ત

ગાંધીનગર,તા.૨૧

ગાંધીનગરના ભાટ નજીક ગઈકાલે સવારે એક કાર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાતા પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. બસ સ્ટોપ નજીક ઉભેલી રિક્ષાને કાર પૂર ઝડપે અવી ટક્કર મારી હતી. અકસ્માત બાદ કારચાલક કાર મૂકી ફરાર થઈ ગયો હતો. પોલીસે આ અંગે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર જીલ્લામાં ભાટ ગામ પાસે ગઈકાલે સવારે ૯ વાગ્યાના સુમારે ઈન્દિરા બ્રિજથી પેસેન્જર ભરેલી રિક્ષા ભાટ ગામના બસસ્ટેન્ડ નજીક ઉભી હતી તે દરમિયાનમાં એક મારૂતિકાર જેનો નંબર જી.જે.૧૮-બીબી-૪૯૩૨ પૂરપાટ ઝડપે આવી અને ઉભેલી રિક્ષાને ટક્કર મારી હતી. અકસ્માત થતાં જ રિક્ષામાં બેઠેલા સોનિયાબેન અમરાજી વણઝારા (ઉ.૩૫) (રહે. હાંસોલ), તુલસીબેન ડાહ્યાભાઈ વણઝારા (ઉ.૧૮, રહે. હાંસોલ), અર્જુન ઝંડાવાળા (ઉ.૩૨, રહે. હાંસોલ), ટવિન્કલ પટેલ (ઉ.૨૧, રહે. નરોડા), રમેશ વાઘેલા (ઉ.૪૨ રહે. ભાટ)ને ગંભીર ઈજાઓ પહોંચી હતી.

ઈજાગ્રસ્તોને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અકસ્માત બદ કારચાલક કાર મૂકી ફરાર થઈ ગયો હતો. ઘટનાની જાણ પોલીસને કરાતા પોલીસે તાત્કાલીક ઘટનાસ્થળે દોડી જઈ તપાસ હાથ ધરી હતી પ્રાથમિક તારણમાં આ કાર મધુર રેરીના ચેરમેન મહેન્દ્ર રાણાની હોવાનું જાણવા મળ્યું છે. પરંતુ પોલીસે આ અંગે કંઈ કહ્યું નથી. પોલીસે આ અંગે ગુનો નોંધી કાર નંબર પરથી ફરાર કારચાલકને ઝડપવા ચક્રો ગતિમાન કર્યા છે.

જોખમી ઈલેક્ટ્રીક બોર્ડ - ગાંધીનગરમાં છેલ્લા ઘણા સમયથી ઠેરઠેર ઈલેક્ટ્રીકના બોક્ષ ખુલ્લા જોવા મળી રહ્યા છે... જે જોખમી હાલતમાં છે તેને તાત્કાલિક મરામત કરી બંધ કરાય તેવી માંગણી પ્રવર્તી રહી છે.

સરદારનગર વિસ્તારમાં ટ્રકની ટક્કરથી મહિલાનું થયેલુ મોત

અમદાવાદ તા.૨૧

સરદારનગર વિસ્તારમાં હિટ એન્ડ રનનો એક બનાવ બન્યો છે જેમાં ટ્રકની ટક્કરથી એક મહિલાનું કરૂણ મોત નિપજ્યુ છે.

ટ્રક ડ્રાઈવર અકસ્માત સર્જી ફરાર થઈ ગયો હતો. સરદારનગરમાં રહેતા ભારતીબહેન પ્રકાશભાઈ નેનાણી જે તા-૨૦-૫-૧૩ના રોજ બપોરના સમય એ પોતાના કુંટુંબના સભ્ય સાથે મોટરસાઈકલ ઉપર બેસી પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેથી આવતી એક ટ્રકે તેના ડ્રાયવર એ કાબુ ગુમાતા ટ્રકને ટક્કર મારીને જયપ્રકાશભાઈ અને ભાવનાબહેન નીચે પડી ગયા હતા. ત્યારબાદ ટ્રક ડ્રાઈવર એ ભાવનાબહેન ઉપર ટ્રકનું વ્હીલ ફેરવી દીધું હતું.

આથી ભારતીબહેનનું ઘટના સ્થળે જ કરુણ મોત નિપજ્યું હતું અને આરોપી ટ્રક ડ્રાઈવર નાસી ગયો હતો. આ અંગેની ફરિયાદ ભારતીબહેનના પતિ પ્રકાશભાઈ રેવાભાઈ નેનાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવતા વધારે તપાસ પોલીસે આદરી છે .

પોલીસ સુત્રોના જણાવ્યા અનુસાર સંતોષપાર્ક નોબલનગર સરદારનગર વિસ્તારમાં રહેતા ભારતીબહેન પ્રકાશભાઈ નેનાણી (ઉ.વ. ૪૭) જે તા-૨૦-૫-૧૩ ને બપોરના ૧૨-૪૫ વાગ્યાના સમયે નરોડા રેલવે ક્રોસીંગ પાસે મુઠીયા ગામ તરફના રોડ ઉપર કૌટુંબિક સભ્ય જયપ્રકાશ સાથે મોટરસાઈકલ ઉપર પસાર થઈ રહ્યાં હતા, તે દરમિયાન ટ્રક નં, જી.જે ૧૮ એ.વી. ૮૬૨૨ના ચાલકે ટ્રક બેદરકારીથી ચલાવીને મોટર સાઈકલને ટક્કર મારી હતી. આથી ભારતીબહેન અને જયપ્રકાશભાઈ નીચે પટકાઈ ગયા હતા. અને ટ્રકનું વ્હીલ ભારતીબહેન ઉપર ફરી વળતાં ભારતીબહેનનું ઘટના સ્થળે જ મોત નિપજ્યું હતું.

જ્યારે પ્રકાશભાઈને મામુલી ઈજાઓ થઈ હતી. આ અંગેની ફરિયાદ ભારતીબહેનના પતિ પ્રકાશભાઈ રેવાભાઈ નનાણીએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી છે. ગુનાની તપાસ પો.સ.ઈ. એચ.આર વાઘેલાએ આદરી છે.

મીઠાખળી પાસે ૭૦ હજાર થેલો આંચકી શખ્સો ફરાર

અમદાવાદ, તા. ૨૧

મીઠાખળી છ રસ્તા પાસે એક વ્યક્તિની ૭૦૦૦૦ રૂપિયાની રોકડ રકમ સાથેની બેગ આંચકી મોટરસાયકલ પર આવેલા શખ્સો ફરાર થઈ જતા સનસનાટી મચી ગઈ હતી. નવાવાડજ વ્યાસવાડી ખાતે રહેતા વ્યક્તિ ભોગ બન્યા હતા. આ સંબંધમાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. નવા વાડજ વ્યાસવાડી વિસ્તારમાં રહેતા સતિષભાઈ પંચાલ તા. ૨૦-૫-૧૩ના બપોરના સમયે મીઠાખળી છ રસ્તા પાસેથી પસાર થઈ રહ્યા હતા તે દરમિયાન મોટર સાયકલ ઉપર આવેલા બે શખ્સો સતિષભાઈના ખભા પર લટકાવેલો થેલો ખેંચીને પલાયન થઈ ગયા હતા. આ થેલામાં ૭૦ હજાર રૂપિયા કેશ પડ્યા હતા. આ બનાવની જાણ સતિષભાઈએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. બનાવને વિગતવાર જોતા શ્રીનાથ એપાર્ટમેન્ટ વ્યાસવાડી પાસે નવા વાડજ વિસ્તારમાં રહેતા સતિષભાઈ સોમાભાઈ પંચાલ (ઉ.વ. ૩૫) જે તા. ૨૦-૫-૧૩ બપોરના ૧૨-૧૫ વાગ્યાના સુમારે નવરંગપુરા મીઠાખળી છ રસ્તા એચ.ડી.એફ.સી. બેંક સામેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે સામેથી પુરઝડપે મોટર સાયકલ ચલાવીને આવતા આશરે ૩૫ વર્ષના વચગાળાના બે પુરૂષોએ સતિષભાઈ પંચાલના ખભે ભરાયેલો થેલો જેમાં ૭૦ હજારની કેશ નોટો પડી હતી. જે ખેંચીને થેલાના પટ્ટો તોડીને પલાયન થઈ ગયા હતા. આ અંગેની ફરિયાદ સતિષભાઈ પંચાલએ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ હે.કો. અરવિંદભાઈ સુધીરભાઈએ હાથ ધરી છે.

ટચુકડી જાહેર ખબર

દર ગુરુવારે-રવિવારે

ગાંધીનગર સમાચાર

ફોન : ૨૩૨૨૨૫૭૧

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૫

સૂર્યાસ્ત : ૭.૦૬

તાપમાન

મહત્તમ : ૪૩.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૮.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૭ ટકા ● સાંજે ૨૨ ટકા

મનોરંજન

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :

ઈપીઆઈસી (૩ડી) (હિન્દી) : ૯.૦૦, ૧.૩૦, ૬.૦૦

ધ રિલેકટન્સ ફંડામેન્ટલીસ્ટ (હિન્દી) : ૧૧.૦૦, ૩.૩૦, ૧૦.૩૦

આઈરોન મેન (૩ડી) (હિન્દી) : ૮.૦૦

: સ્ક્રીન-૨ :

ગો ગોઆ ગોને : ૧૦.૦૦, ૮.૧૫

આશિકી-૨ : ૧૨.૧૫, ૨.૪૫, ૧.૩૦

શૂટ આઉટ એટ વડાલા : ૫.૧૫

: સ્ક્રીન-૩ :

ઔરંગજેબ : ૧૦.૧૫, ૧.૧૫, ૪.૧૫, ૭.૧૫, ૧૦.૧૫

: સ્ક્રીન-૪ :

ઔરંગજેબ : ૯.૦૦, ૧૨.૦૦, ૯.૦૦

ગો ગોઆ ગોને : ૩.૦૦

આશિકી-૨ : ૬.૦૦

સૂર્યા, વાવોલ

ઔરંગજેબ : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

શક્તિ ધ પાવર : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

ઔરંગજેબ: ૧૦.૦૦, ૧.૦૦, ૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

: સ્ક્રીન-૨ :

આશિકી-૨ : ૧૦.૩૦, ૧.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

ઔરંગજેબ : ૩.૩૦

: સ્ક્રીન-૩ :

શૂટ આઉટ વડાલા : ૧૦.૧૫, ૪.૦૦, ૧૦.૦૦

ગો ગોઆ ગોને : ૧.૧૫, ૭.૦૦

વિરાગ, કલોલ

ઔરંગજેબ : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

આપની આજ

મેષ : પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભનો યોગ. નવી આયોજનો માટે રોકાણ કરતાં પહેલાં યોગ્ય તપાસ કરવી હિતાવહ રહેશે. આર્થિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થવાની સંભાવના છે. ધાર્મિકક્ષેત્રે યાત્રા પ્રવાસનું આયોજન થઈ શકે છે.

વૃષભ : આર્થિક કારણોથી, સામાજિક કાર્યોથી અવરોધની સંભાવના. જળ ક્ષેત્રોની વિશેષ યાત્રાઓનું આયોજન થઈ શકે છે. સાહિત્યકારો, કવિ વર્ગ અને કલાકારો માટે ભાગ્ય વૃદ્ધિનો સમય રહેશે. આરોગ્યલક્ષી આહાર લેવો.

મિથુન : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. આપના કર્મક્ષેત્રમાં કોઈ શોધ દ્વારા સન્માન વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યા છે. કર્મક્ષેત્રમાં ઉચ્ચસ્તરીય કાર્ય થઈ શકશે. લગ્નવાંચ્છુકોને પોતાની જીવનસાથીની પસંદગી થઈ શકે છે.

કર્ક : કર્મક્ષેત્રમાં સફળતા પ્રામિનો યોગ, સન્માન અને ઉપલબ્ધિ પ્રામિનો યોગ. આર્થિકક્ષેત્રમાં નવા રોજગારી- વ્યાપાર સંબંધી કાર્યો થઈ શકશે. વિવાદિત આર્થિક પ્રકરણોને સંયમપૂર્વક ઉકેલવાથી યોગ્ય નિકાલ આવી શકશે.

સિંહ : અપરણિતો માટે લગ્નસંબંધી પ્રસ્તાવ, લંબિત પ્રકરણોમાં સફળતા પ્રામિનો યોગ બની રહ્યો છે. કુટુંબમાં શુભ મંગળ કાર્ય થશે. વ્યવસાયિક ભાગીદારી માટે ઉત્તમ સમય રહેશે. કલાત્મક કાર્યનો પ્રારંભ થશે.

કન્યા : આપને ઉપયોગી બની રહે એવા નવા સંબંધો બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સત્સંગમાં ભાગ લેવાનું થઈ શકે છે. ઘરમાં મહેમાન આવવાની સંભાવના છે. વ્યાપાર મધ્યમ રહશે. ધાર્મિક કાર્યમાં સમય પસાર થશે.

તુલા : કાયદાની બાબતોમાં વિવાદોનો ઉકેલ થશે. પસંદગીદાર સ્થળ ઉપર તમે પ્રવાસ ખેડી શકશો. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. સગા- સંબંધીઓથી મુલાકાત થઈ શકશે. દામ્પત્ય સુખમાં કમી ન આવે તેની તકેદારી રાખવી.

વૃશ્ચિક : સંબંધીઓથી મતભેદ થવાની શકયતા છે. કર્મક્ષેત્ર સંબંધી સમસ્યાઓના નિરાકરણ હેતુ પ્રવાસ અને ભાગદોડ થવાની સંભાવના છે. વિવાદિત કાર્યોમાં સંયમ રાખી કામ કરવું. આરોગ્ય પ્રતિ સતર્ક રહેવું.

ધન : મનમાં ઉત્સાહપૂર્ણ વિચારોને કારણે સમય સુખદ પસાર થશે. આધ્યાત્મ સંબંધી કાર્યોમાં વિશેષ લાભ પ્રાપ્તિ થવાનો યોગ બની રહ્યો છે. ભાગ્યવર્ધક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. કલાત્મક શિક્ષાનાં કાર્યોમાં રૂચિ વધશે.

મકર : ભૌતિક સુખ પ્રાપ્ત થવાનો યોગ છે. સામાજિક ક્ષેત્રોમાં માન-સમ્માન અને પ્રતિષ્ઠામાં વધારો થઈ શકશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક ઉચ્ચ પરિણામ પ્રાપ્ત થશે.

કુંભ : કૌટુંબિક જીવનમાં તનાવ વધે નહીં તેની તકેદારી રાખવી. આપમાં પ્રબળ આત્મવિશ્વાસથી મુશ્કેલ કાર્ય પણ સહેલાઈથી પાર પાડી શકો છો. નવા સંબંધો બંધાશે.

મીન : મહત્વકાંક્ષાઓ પ્રગતિ માટે પ્રેરિત કરશે. મંગળ કાર્યોનું આયોજન કરી શકશો. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થઈ શકે છે. આર્થિક કાર્યોમાં વિશેષ ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થવાનો યોગ બની રહ્યો છે.

ચિરવિદાય

- સ્વ. બબીબેન કેશવલાલ પ્રજાપતિ (ઉ.વ. ૫૭) સાર્વજનિક હોસ્પિટલ, સ્ટાફ ક્વાર્ટસ, મુ.પો. રાંધેજા, તા., જિ. ગાંધીનગર.
- સ્વ. ઈન્દ્રવદનભાઈ મણીલાલ રાવલ (ઉ.વ. ૯૩) પ્લોટ નં. ૩૦૫/૨, સેકટર-૩/બી, ગાંધીનગર.
- સ્વ. સવિતાબેન મોહનલાલ મદન (ઉ.વ. ૭૧) પ્લોટ નં. ૬૮૯, આદર્શ નગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. પોપટજી મંગાજી ઠાકોર (ઉ.વ. ૫૦) મુ.પો. ટેબા દંતાલી, તા. કલોલ, જિ. ગાંધીનગર.